# નળ છે, કુવા છે, હેન્ડ પંપ છે, પણ પાણી નથી

**ડાંગ** જિલ્લાનાં આહવા તાલુકાનાં નિરગુડમાળ ગામમાં પાણીની સમસ્યાનું નિરાકરણ નહીં થાય ચૂંટણી બહિષ્કારની ચીમકી

**પાણી માટે** વલખા મારતા ગ્રામજનોની પાણી પુરવઠા વિભાગને રજૂઆત છતા પ્રશ્નનું નિરાકરણ કરાવાયુ નથી



ગીરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં નિરગુડમાળ ગામમાં નલ સે જલ યોજના હેઠળના નળ, કુવા, હેન્ડ પંપ વગેરે હોવા છતા પણ લોકોએ પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. જેને લઈને સ્થાનિકોએ પાણી પુરવઠા વિભાગને લેખિતમાં રજૂઆત કરી હતી. તેમ છતા પણ પ્રશ્નનું નિરાકરણ કરવામાં નહીં આવતા ગ્રામજનોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. અને ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે. ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં લહાનચર્યા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ નિરગુડમાળ ગામના લોકો છેલ્લા ઘણા સમયથી પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે.

ગામમાં કુલ 14 જેટલા હેન્ડ પંપ આવેલા છે. પરંતુ પાણીનાં સ્તર નીચા જતા હેન્ડ પંપમાં પાણી જ આવતુ નથી. તેમજ નલ સે જલ યોજના હેઠળ દરેક ઘરે નળ લગાવવામાં આવેલા છે. પરંતુ નળમાં પણ પાણી જોવા મળતુ નથી. અને ગામમાં જે કૂવો આવેલો છે તેમા પણ થોડું ઘણુ પાણી છે.

પરંતુ તે પાણી પણ ગંદુ હોવાથી બિન ઉપયોગી સાબિત થઈ રહ્યુ છે. ત્યારે પાણીની સમસ્યાનું નિરાકરણ થાય અને બગડી ગયેલા હેન્ડ પંપોનું સમારકામ થાય તે હેતુથી ગામના આગેવાનોએ પાણી પુરવઠા વિભાગને લેખિતમાં એક મહિના પહેલા રજૂઆત કરી હતી. જો કે હજુ સુધી આ પ્રશ્નનો નિરાકરણ કરવામાં આવેલું નથી. જેના કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જો ટૂંક સમયમાં પાણીના પ્રશ્નોનું નિરાકરણ નહીં કરવામાં આવે તો ગ્રામજનો દ્વારા લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે. ત્યારે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ કે સ્થાનિક વહીવટી તંત્ર સ્થળ તપાસ કરીને પ્રજાના પાણીના પ્રશ્નનું નિરાકરણ કરશે કે નહીં તે તો આવનાર દિવસોમાં જોવુ જ રહ્યુ.

# પલસાણામાં બે મહિલાને બંધક બનાવી લૂંટ કેસમાં માજી સરપંચ સહિત 6 ઝડપાયા

**આસ્મા** ગામના બાબુ પટેલ અને બીનવાડાના જીતેન્દ્ર પટેલે દાહોદ ગેંગને ચોરી કરવા બોલાવ્યા હતા

**પલસાણાના** માજી સરપંચ વિષ્ણુ શુક્કર પટેલે ગામની વૃદ્ધ મહિલાના બંગલામાં ચોરી કરવા ટીપ આપી હતી



### લૂંટારૂઓના ચોરીના નિષ્ફળ પ્રયાસો

(1) દમણ દેવકા વિસ્તારમાં ગુટખા પાન મસાલાની કંપની તેમજ ગોડાઉનમાં ઈન્કમટેક્ષ ઓફિસર બની રેઈડ કરવા ગયા પરંતુ સફળ થયા નહીં (2) વાપીથી આંગડિયા પેઢીના પૈસા તેમજ દાગીનાઓ લઈ જતી સેફવાનની લૂંટ કરવા વાપીથી વડોદરા સુધી રેકી કરી હતી પરંતુ પોલીસ પેટ્રોલિંગ જોઈ લૂંટ કરી નહીં (3) પારડી દમણીઝાંપાની કરિયાણાની દુકાનમાં ચોરી કરવા ગયા પરંતુ જનતા અને પોલીસની અવરજવર જોઈ ચોરી નહીં કરી (4) બે મહિના કાર લઈને વડોદરા હાઈવે પર આવેલા દરજીપુરા, ડભોઈરોડ વિસ્તારની સોસાયટીમાં ઘરફોડ કરવા સાગરિત જોરસીંગ ઉર્ફે જોરાવર સાથે ગયેલા પરંતુ ચોરી થઈ શક્યા નહીં. (5) આણંદ, ખેડામાં બાબુ પટેલ તથા જીતુ પટેલ, જોરસીંગ એક શ્રીમંત ઘરમાં ઈન્કમટેક્ષ ઓફિસર બની નકલી રેઈડ કરવાનું આયોજન કરી ત્રણ વખત રેઈડ કરવા ગયા પરંતુ ઘર બંધ હતું (6) દાહોદમાં બાબુ પટેલ તથા જીત પટેલ, જોરસીંગ એક શાહ વાણીયા કે જે વ્યાજે રૂપિયા આપતો હોય તેના ઘરમાં ઈન્કમટેક્સ ઓફિસર બની નકલી રેઈડ કરવાનું આયોજન પરંતુ તે સમયગાળામાં વાણીયાનું અવસાન થતા કામ થઈ શકેલ નહીં.

પારડી, વાપી : પારડીના પલસાણા ખાતે બે મહિલાને બંધક બનાવી માર મારી લૂંટના કેસમાં ગુનાનો ભેદ ઉકેલી પલસાણાના માજી સરપંચ સહિત દાહોદ ગેંગના સાગરિતોને વલસાડ એલસીબીની ટીમે ઝડપી પાડી ઘરફોડ ચોરી, મંદિરમાં ચોરી તથા નકલી પોલીસ તેમજ ઈન્કમટેક્સ ઓફિસર બની ચોરીના પ્રયાસ કરતા કુલ 15 ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

પારડી તાલુકાના પલસાણા ગામે દેસાઈ ફળિયા ખાતે રહેતા સાવિત્રીબેન ગુણવંત નાયક અને ઉષાબેન મહેશ જોશીના બંગલામાં ગત 14 માર્ચ 2024 ના રોજ કેટલાક ઈસમોએ ઘરમાં પ્રવેશી બંને મહિલાને બંધક બનાવી હતી. આ બંને સિનિયર સિટીઝન મહિલાને લાકડાના ફટકા મારી સોનાની ચેન, સોનાના દાગીના, મોબાઈલ સહિત રૂપિયા 3.78 લાખની લૂંટ ચલાવી અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા.

ચોરી-લૂંટ-ધાડ સહિતના ગુનાઓ ઉકેલવા વલસાડ જિલ્લા પોલીસવડા ડો.કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબીની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે અલગ અલગ ટીમો બનાવી સીસી ટીવી ફૂટેજ, ટેક્નિકલ એનાલિસિસ તેમજ હ્યુમન સોર્સ દ્વારા લૂંટ કરનાર 6 આરોપીને ઝડપી પાડ્યા હતા. જેમાં જીતેન્દ્ર ઉર્ફે જીતુ ગમન પટેલ (રહે. બીનવાડા), પલસાણાનો માજી સરપંચ વિષ્ણુ શુક્કર પટેલ, કાળુ બચુ માવી (રહે. અમદાવાદ), બાબુ સુનિયા ગુંડિયા (રહે. દાહોદ), સુનિલ કાળુ મેડા (રહે. દાહોદ) અને રમેશ જસવંત પલાસ (રહે. દાહોદ) સહિત છ આરોપીને ઝડપી પાડ્યા હતા. જેની પૂછપરછ કરતા વોન્ટેડ આરોપી જોરસીંગ ઉર્ફે જોરાવરનો કોન્ટેક્ટ બાબુ વજીર પટેલ (રહે.આસમા તા.પારડી) તથા જીતેન્દ્ર ઉર્ફે જીતુ ગમન પટેલ (રહે. બીનવાડા)એ ચોરી કરવા વલસાડ બોલાવ્યા હતા.

આ બંનેને કારમાં બેસાડી પલસાણાના બંગલામાં ચોરી કરવાનું કહી ત્યાં ઉતારી નીકળી ગયા હતા. બંને મહિલા ઘરમાં એકલી રહેતી હોય અને તેઓએ જમીન વેચાણ કરી તેઓ પાસે વધારે પૈસા હોવાથી ચોરી કરવાની ટીપ પલસાણાના માજી સરપંચ વિષ્ણુ પટેલે આપી હતી. પોલીસે બાબુ વજીર પટેલ (રહે. આસ્મા તા.પારડી), જોરસિંગ ઉર્ફે જોરાવર કસનાભાઈ બારીયા (રહે. દાહોદ), હિમસિંગ ઉર્ફે કટલો પરશુ મોહનીયા (રહે. દાહોદ) ત્રણેયને વોન્ટેડ બતાવ્યા હતા.

પોલીસે ઝડપાયેલા આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા 27000, બોલેરો કાર, મોબાઈલ સહિત કુલ રૂપિયા 5.38 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પારડી, વાપી, વલસાડ, વઘઈ, ધરમપુર, સરીગામ, સૌરાષ્ટ્ર સહિત લૂંટ, ઘરફોડ, ચોરી, પારડીમાં છ થી વધુ ઘરમાં રાત્રિના ચોરીનો પ્રયાસ, નકલી પોલીસ બની રૂપિયા પડાવેલા તેમજ મંદિરોમાં ચોરી સહિત 15 જેટલા ગુનાનો ભેદ ઉકેલાયો છે.

# યુવાને સાથે કામ કરતી પરિણીતાના ફોટા એડિટ કરી સોશિયલ મીડિયામાં અપલોડ કર્યા

**નવસારીના** યુવાને સગર્ભા પરિણીતાને ફોન કરતા ફોન તેના પતિએ ઉપાડતા પતિ અને યુવાન વચ્ચે ઝઘડો થતા યુવાને ફોટા અપલોડ કર્યા હતા

નવસારી : નવસારીમાં એક કંપનીમાં કામ કરતા યુવાને કંપનીમાં કામ કરતી સગર્ભા પરિણીતાને ફોન કરતા ફોન તેણીના પતિએ ઉઠાવતા પતિ અને તે યુવાન વચ્ચે ઝઘડો થયો હતો. જેથી યુવાને સગર્ભા મહિલાના ફોટા એડિટ કરી સોશિયલ મીડિયામાં અપલોડ કરતા મામલો છૂટાછેડા સુધી પહોંચી ગયો હતો. જોકે સગર્ભા પરિણીતાએ મહિલા અભયમ ટીમની મદદ લેતા તેઓએ મધ્યસ્થી કરી પતિ અને યુવાનને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

નવસારી જિલ્લાની એક પરિણીતા એક કંપનીમાં કામ કરે છે. તેણી સગર્ભા હોવાથી તે પરિણીતાને વિકનેસ લાગતા બે મહિનાથી રજા પર હતી. તે સમય દરમિયાન કંપનીમાં કામ કરતા એક યુવકે અન્ય વ્યક્તિ પાસે નંબર લઈ પરિણીતાને ફોન કરતા પરિણીતાના પતિએ ઉપાડ્યો હતો. જેથી પરિણીતાના પતિનો અને ફોન કરનાર યુવક સાથે ફોન ઉપર વાત કરતા ઝગડો થયો હતો. જેથી કંપનીમાં કામ કરતા યુવકે પરિણીતાના ફોટા સોશિયલ મીડિયા પરથી લઈ તેમના ફોટા સાથે એડિટ કરી વોટ્સઅપ પર મોકલતા પરિણીતા અને તેમના પતિ વચ્ચે ઝગડો થતા પતિએ પરિણીતા ઉપર શંકા કરી હાથ ઉપાડ્યો હતો અને છૂટાછેડા આપવાની વાત કરી હતી.

આ બાબતે પરિણીતાએ મહિલા અભયમ ટીમની મદદ લેતા મહિલા અભયમ ટીમે પતિનું કાઉન્સિલિંગ કર્યું હતું. જ્યાં પતિએ જણાવ્યું હતુ કે, ફોટો એડિટ કર્યો હોય એવું લાગતું ન હોવાથી ગુસ્સો આવ્યો હતો. જેથી મહિલા અભયમે તેમના પતિને હાલ સોશિયલ મીડિયા ઉપર આવા ઘણાં કિસ્સા બને છે અને તમારી પત્ની પ્રેગ્નેટ છે એટલે તેની સાથે શાંતિથી વાત કરવા સમજાવ્યુ હતુ. તેમજ કંપનીમાં કામ કરતા યુવક સાથે ફોન ઉપર વાત કરતા તેણે જણાવ્યું હતું કે, તેમના પતિએ અપશબ્દો બોલ્યા હતા. એટલે મે ફોટા વાઈરલ કર્યા હતાં. જેથી અભયમ ટીમે યુવકને પરિણીતાને કોલ નહીં કરવા અને ફોટા વાઈરલ કરશે તો કાયદેસર કાર્યવાહી કરવામા આવશે તેમ જણાવતા યુવકે હવે પછી આવું નહીં કરુ એની ખાત્રી આપી હતી. તેમજ પરિણીતાના પતિને પણ સમજાવ્યું કે, હવે પછી આવી રીતે શંકા કરવી નહીં અને પત્નિને સારી રીતે રાખવા જણાવ્યું હતું.

# ડાંગ જિલ્લા પોલીસે બુટલેગરને ઝડપી પાસા હેઠળ રાજકોટ સેન્ટ્રલ જેલમાં ધકેલ્યો

સાપુતારા : ડાંગ જિલ્લાના પોલીસ મથકોમાં દારૂના ગુન્હામાં સંડોવાયેલો આરોપી મહેશભાઇ શાંતારામભાઇ ભોયે (રહે.કુકડન જી.નાસિક) પર અવાર નવાર દારૂ ગુનાઓ નોંધાયા હતા. જેમાં લોકસભા સામાન્ય ચુંટણી 2024માં આ ઈસમ અસામાજીક પ્રવૃત્તિ ન કરે તે માટે પોલીસે મહેશ ભોયેની અટકાયત કરી તેને રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

# પારડી યુવાને RTOના નામે આવેલી ફ્રોડ લિંક ખોલતાની સાથે જ રૂપિયા 28,600 ઉપડી ગયા

પારડી : વલસાડ RTOના નામે વલસાડથી નોંધણી પામેલા વાહન ચાલકોને ખાનગી નંબર પરથી વાહન પરિવહનના નામે વોટ્સએપ મેસેજ કરવામાં આવી રહ્યા છે. જેમાં વાહન પરિવહનના નામની લિંક મોકલવામાં આવે છે. આ અંગે વલસાડ RTO દ્વારા સ્પષ્ટતા કરી હતી કે, RTO તરફથી આવા કોઈપણ વોટ્સએપ મેસેજીસ કે લિંક મોકલવામાં આવતી નથી. તેમ છતાંયે કેટલાક લોકો આવી લિંક ઉપર ક્લિક કરી સાયબર ક્રાઈમનો ભોગ બનતા હોય છે.

એવો જ કિસ્સો પારડીના દમણીઝાંપા પોણિયા રોડ રામેશ્વર રેસીડેન્સીમાં રહેતા પ્રકાશસિંહ કથૈત સાથે બન્યો હતો. તેનો મિત્ર જય પટેલના મોબાઈલ ઉપર 25 એપ્રિલના રોજ વાહન મેમો માટેનો મેસેજ પર વાહન પરિવહનની લિંક આવી હતી, જે લિંક ખોલતા જય પટેલના મોબાઈલ પર નહીં ખોલતા પ્રકાશસિંહના મોબાઈલ પર ખોલતાની સાથે જ ફોન પે ના એપથી ક્રેડિટ કાર્ડથી 4 વારમાં રૂપિયા 28,600 કપાઈ ગયા હતા.

# નવસારી પોલીસે ૩૫૦ વાહનો ચેક કરી ઠગાઈનો ૧૨ વર્ષથી વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો

**નવસારીના** બોરીયાચ ટોલનાકા ઉપર વોચ ગોઠવતા ટ્રાવેલ્સમાં જતો આરોપી મળી આવ્યો

નવસારી, ઘેજ : ચીખલી પોલીસ સ્ટેશનના ઠગાઈ, છેતરપિંડીની ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતો આરોપીને નવસારી એલસીબી પોલીસે બોરીયાચ ટોલનાકા પાસથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

નવસારી એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે ચીખલી પોલીસ સ્ટેશનમાં ૨૦૧૨ ના વર્ષમાં રૂપિયા ૪૦,૯૧,૦૦૦ ની ઠગાઈ, છેતરપિંડીના ગુનામાં નાસતો ફરતો આરોપી સુરેશ મોહનલાલ સોની (ઉ.વ-૬૨) (રહે.૧૨૦૩ મેન ઓપર્સ કાશી-મીરા રોડ થાણા મુંબઈ,મહારાષ્ટ્ર) પોતાની ઓળખ છુપાવી ૧૨ વર્ષથી નાસતો ફરે છે. જેથી નવસારી એલસીબી પોલીસે ટેક્નિકલ એનાલીસીસ કરી હુમન ઈન્ટેલિજન્સ સોર્સ મારફતે તપાસ હાથ ધરતા આરોપી સુરેશ સોની રાજસ્થાન રાજ્યના ઉદેપુરથી મુંબઈ મહારાષ્ટ્ર બાય રોડ જવા નીકળેલો છે. જે હકીકત બાતમીના આધારે પોલીસે ને.હા.નં-૪૮ નવસારી બોરીયાચ ટોલનાકા ઉપર વોચ ગોઠવી આશરે ૩૫૦ જેટલા નાના મોટા વાહનો ચેક કરતા રાજસ્થાનથી અમદાવાદ-સુરત થઈ મુંબઈ જતી ફોરહંશ નામની ટ્રાવેલ્સ આવતા જેને રોકી ચેક કરતા આરોપી મળી આવતા જેને અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડિસ્કાઉન્ટ તો એક બહાનુ છે મત આપવો એ આપણી ફરજ છે

**નવસારી** જિલ્લામાં મતદાનનું પ્રમાણ વધારવા માટે વેપારી એસો.ની આકર્ષક ડિસ્કાઉન્ટની ઓફર

**મતદાન** બાદ શ્યાહી વાળી આંગળી બતાવી વિવિધ સ્થળેથી ડિસ્કાઉન્ટનો લાભ મેળવી શકાશે

### નવસારી જિલ્લામાં 7 થી 10 ટકા ડિસ્કાઉન્ટની આકર્ષક ઓફર


નવસારી જિલ્લામાં વાસણ સંગઠન દ્વારા 7 થી 10 ટકા ડિસ્કાઉન્ટ, વિવિધ રેસ્ટોરન્ટ, ટ્રેડર્સ, અને પ્લાસ્ટિકના વેપારીઓ દ્વારા 7-7 ટકાના ડિસ્કાઉન્ટની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવી છે. મતદાન જાગૃતિ માટેના આ નવા અભિગમને નવસારી જિલ્લાના રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નવસારી : આગામી લોકસભા ચૂંટણીમાં નવસારી જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવીટીઝ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં નવસારી જિલ્લાના દુકાનદારો, હોટેલો, રેસ્ટોરન્ટ, મેડિકલ સ્ટોરના વેપારીઓ સાથે જિલ્લા ચૂંટણી તંત્રની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવસારી નવસારી જિલ્લામાં મતદાનનું પ્રમાણ વધે તે માટે વેપારીઓ તથા દુકાનદારોની જનભાગીદારીની આશા વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં મતદાનના દિવસે મતદાન કરનાર વ્યક્તિ પોતાની શ્યાહી વાળી આંગળી બતાવશે તો તેઓને દુકાનોથી વિવિધ ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવશે.

આ નવીન પહેલ માટે વિવિધ જિલ્લાઓમાં ખુબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો છે. જેમાં ખુશીની બાબત એ છે કે નવસારી જિલ્લામાં પણ વેપારી એસોશિએશન તથા વિવિધ નાના-મોટા દુકાનદારો દ્વારા આ બાબતનો સહર્ષ સ્વીકાર કરી જિલ્લા ચૂંટણી તંત્રને સાથ સહકાર આપવા રાજી થયા છે.

જે માટે દુકાનદારો, વેપારીઓ દ્વારા વિવિધ સ્કીમની ઓફરની આકર્ષક જાહેરાતો કરાઇ રહી છે. આ ડિસ્કાઉન્ટ આપતા એક વેપારી સાથે આ અંગે વાતચીત કરી જેમાં તેમણે જણાવ્યું હતું કે, “ડિસ્કાઉન્ટ તો એક બહાનુ છે મત આપવો એ આપણી ફરજ છે.”

# જલાલપોરમાં 59 વરિષ્ઠ તથા 55 દિવ્યાંગ મતદારોનું મતદાન









નવસારી : નવસારી જિલ્લામાં આજરોજ નવસારીના 174 જલાલપોર મતવિસ્તારના વરીષ્ઠ અને દિવ્યાંગ મતદારો માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન હાથ ધરાયું હતું. જેમાંથી આજરોજ 174 જલાલપોર મતવિસ્તારના કુલ-63 વરિષ્ઠ મતદારો અને કુલ-57 દિવ્યાંગ તથા 18 આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ મતદારો કુલ-138 મતદારોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન માટે નોંધાયેલા છે. જેમાંથી 59 વરિષ્ઠ મતદારો અને 55 દિવ્યાંગ તથા 9 આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ મતદારોએ આમ કુલ 123 મતદારોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું છે. ગેરહાજર મતદારો માટે આવતી કાલે ફરી હોમ વોટિંગ માટે મુલાકાત લેવામાં આવશે. ભારતના ચૂંટણીપંચે 85 વર્ષથી વધુ ઉંમરવાળા વરીષ્ઠ નાગરીકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઇ કરી છે. જેઓ મતદાન મથક સુધી ન પહોંચી શકે તો ઘરેથી મતદાન કરવાનો લાભ મેળવી શકશે. આ પોસ્ટલ બેલેટને વિજલપોરની સંસ્કાર ભારતી સ્કુલ ખાતે સ્ટ્રોંગ રૂમમાં જમા કરાવવામાં આવશે.

### દમણમાં ચૂંટણી વિભાગે અઠવાડિયામાં 2.18 લાખ રોકડા તથા 39 હજારનો દારૂ જપ્ત કર્યો

દમણ : સંઘપ્રદેશ દમણમાં ચૂંટણી વિભાગની ટીમ દ્વારા પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ચૂંટણીલક્ષી કામગીરી અંતર્ગત અવૈધ રીતે પૈસાની હેરાફેરી તથા દારૂ-બિયરની હેરાફેરી રોકવાના આશય સાથે વોચ રાખી રહી છે. ત્યારે ચૂંટણી વિભાગની ટીમે એક અઠવાડિયામાં પ્રદેશના વિવિધ વિસ્તારમાંથી 2.18 લાખ રોકડા અને રૂપિયા 39,420નો 179 લીટર દારૂ જપ્ત કરવાની કાર્યવાહી કરી છે. અત્યાર સુધીમાં વિભાગની ટીમે 34.57 લાખ રોકડા અને 16.48 લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે.

### વિધાનસભા ક્ષેત્રના મતદાન મથકના એજન્ટો કોઇ પણ મતદાન મથક પર ફરજ બજાવી શકશે

વલસાડ : આ વર્ષની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મતદાન એજન્ટો માટે નિયમ હળવા કરાયા છે. જેમાં મહત્વનો ફેરફાર એવો કરાયો છે કે, પોતાના મતવિસ્તારનો મતદાન એજન્ટ કોઇ પણ મતદાન મથક પર ફરજ બજાવી શકશે. આ અંગે કોંગ્રેસના હોદ્દેદાર દ્વારા પહેલેથી જ કલેક્ટરને રજૂઆત કરાઇ છે. જેના કારણે પાછળથી કોઇ પણ વિવાદ ઉભો ન થાય જે અંગે કલેક્ટર પણ ધ્યાન આપે એવી રજૂઆત તેમણે કરી છે. વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી ગિરીષ દેસાઇએ ચૂંટણી અધિકારી એવા કલેક્ટરને કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, આગામી લોકસભાની ચૂંટણી સૂમેળથી યોજાય એવા આશયથી એજન્ટો અંગેના ફેરફાર અંગે તેમનું ધ્યાન દોર્યું છે. તેમણે એક પરિપત્ર સાથે કરેલી રજૂઆતમાં જણાવ્યું કે, અગાઉ મતદાન મથક એજન્ટ પોતાના મતદાન બુથ પર જ એજન્ટ તરીકેની ભૂમિકા ભજવી શકતો હતો. જેમાં છૂટ આપી આ વર્ષે પોતાના વિધાનસભા મત વિસ્તારના કોઇ પણ બુથ પર તે એજન્ટ તરીકે સેવા આપી શકશે. આ સિવાય તેમણે જણાવ્યું કે, દરેક બુથ પર એક ઉમેદવારના 3 એજન્ટો વારાફરથી સેવા આપી શકશે. આ બંને ફેરફાર અંગે તેમણે ચૂંટણી અધિકારી આગોતરી જાણ કરી પાછળથી વિવાદ ટાળવાની કવાયત હાથ ધરી હતી.

# વલસાડમાં ૮૫ વર્ષથી વધુ વયના ૧૩૬ મતદારોનું પોસ્ટલ બેલેટથી મતદાન





વલસાડ : લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ તા. ૭ મે ના રોજ યોજાનાર છે, જે અંતર્ગત ૨૬- વલસાડ (અ.જ.જા.) સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ૧૭૯- વલસાડ વિધાનસભા મતદાર વિભાગના વિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ વયના તેમજ ૪૦ ટકા થી વધુ બેંચમાર્ક ડિસેબીલીટી ધરાવતા દિવ્યાંગ મતદારોના ઘરે મતદાન કરાવવા માટે માઈક્રો ઓબ્ઝર્વર, મતદાન અધિકારી, મદદનીશ મતદાન અધિકારી, પોલીસ, ઝોનલ અધિકારી તથા વીડિયોગ્રાફર દ્વારા રચાયેલી કુલ ૧૦ ટીમો દ્વારા તા. ૨૬ એપ્રિલ ૨૦૨૪થી પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની કામગીરી આરંભાઈ છે. જેમાં ૮૫ વર્ષથી વધુ વયના તેમજ દિવ્યાંગ મતદારોનો જુસ્સો જોવા મળ્યો હતો. જેમાં ૮૫ વર્ષથી વધુના કુલ ૧૪૦ કુલ મતદારોમાંથી ૧૩૬ મતદારોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યુ હતુ. જ્યારે ૪૦ ટકાથી વધુ બેચમાર્ક ડિસેબીલીટી ધરાવતા કુલ ૧૬૯ દિવ્યાંગ મતદારોમાંથી ૧૬૫ મતદારોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યુ હતું.


## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનુ કે, મોજે ગામ ખેરગામ તા. ખેરગામ, જી. નવસારીના....

| અ.નં. | ખાતા નં. | બ્લોક સર્વે નં. જુનો | બ્લોક સર્વે નં. નવો | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.માં | આકાર રૂ. પૈસા |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૦૧૫ | ૩૧/પૈકી ૨/પૈકી ૭ | ૩૨૬૩ | ૦૦-૦૫-૭૩ | ૧.૨૦ |
| ૨. | ૨૧૦૯ | ૩૧/પૈકી ૨/પૈકી ૧૦ | ૩૨૫૪ | ૦-૦૦-૮૬ | ૦.૧૮ |
| ૩. | ૨૧૦૯ | ૩૧/પૈકી ૨/પૈકી ૧૧ | ૩૨૫૫ | ૦-૦૦-૮૬ | ૦.૧૮ |

વાળી બિનખેતીની જુની શરત સતા પ્રકારની જમીનોના માલિકો કાંતિલાલ લક્ષ્મણભાઈ પટેલ, દિપકભાઈ છીબાભાઈ આહીર અને હર્ષદભાઈ છીબાભાઈ આહીરનાઓએ મજકુર જમીનો તેઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટા અને વહિવટની તથા સદરહુ મિલ્કતનુ ટાઈટલ તદ્દન ચોખ્ખું અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપવાનુ નક્કિ કર્યુ છે. મજકુર જમીનો ઉપર માલિકી સબંધી કોઈ વ્યકિત, કંપની, પેઢી, સંસ્થા, બેંક વિગેરેનો કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ કે અન્ય કોઈપણ પ્રકારન સબંધ હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૧૫ માં લેખિત પુરાવાઓ સાથે અમારી ઓફિસે આવી તે પુરાવાઓ કાયદેસર રીતે રજુ કરી તેની પહોંચ મેળવી લેશો. ઉપલી મુદત વિત્યે અમારા અસીલો મજકુર ઉપર વર્ણવેલ મિલ્કતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો નથી એવુ માની યા એવા હક્ક, હિત, હિસ્સો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કર્યા છે એમ માની અમારા અસીલ મજકુર જમીનોનુ ટાઈટલ તદ્દન ચોખ્ખુ અને માર્કેટેબલ હોવાનુ સમજી સદરહુ મિલ્કતઓના રેકર્ડ દફતરેના માલિકો પાસેથી કાયદેસરનો રજી. વેચાણ દસ્તાવેજને વ્યવહાર પુર્ણ કરશે. જે અંગે પાછળથી કોઈ પણ પ્રકારનો વાંધો તકરાર માન્ય કે ગ્રાહ ગણાશે નહી જેની લગતા વળગતા જાહેર જનતાને નોંધ લેવી.

તા. ૨૬/૦૪/૨૦૨૪

**એ.એ.શેખ** તે મિલ્કતો ખરીદનારના એડવોકેટ

ઓફિસ :- ૧૦૪-૧૦૫, એતેકાફ એપાર્ટમેન્ટ, ધનભુરા રોડ, વલસાડ, તા.જી. વલસાડ.